NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી – ૩૯૬૪૫૦

ડૉ. એચ.આર.પંડયા ફોનઃ૦૨૬૩૭–૨૮૨૮૨૩, ૨૮૨૭૭૧–૭૫ એક્ષ.:૧૧૩૨ફેકસ નં.:૦૨૬૩૭–૨૮૩૭૯૪
ઈ./ચા. કુલસચિવ મો.નં.: ૯૮૨૫૧૩૬૭૯૩ ઈ.મેલ:registrar@nau.in

વંચાણમાં: અત્રેની કચેરીની કાર્યનોંધ ક્રમાંક જા.નં. નકૃયુ/રજી/પરીક્ષા/પી.જી./ ૧૩૨૩–૩૩/, તા. ૧૨/૫/૨૦૨૦

**:: પરિપત્ર ::**

આથી અનુસ્નાતક શિક્ષણ સાથે સંકળાયેલ સર્વેને જણાવવાનું કે, ઉપરોકત વંચાણે લીધેલ કાર્યનોધથી હાલની કોવીડ–૧૯ પેન્ડામીકની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈને અનુસ્નાતક વિધાર્થીઓની પ્રિલિમ વાઈવા તથા થીસીસ વાઈવા લેવા બાબતે વંચાણે લીધેલ કાર્યનોંધ આધારે નીચે મુજબના નિર્ણયોનો લાગતા વળગતા તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧. જો વિધાર્થી અનુસ્નાતક કક્ષાના પ્રિલિમ વાઈવા યોજવા માટેના તમામ નકકી થયેલ માપદંડ પરીપૂર્ણ કરતા હોય તેમજ તેમના સમિતિના સભ્ય અને બાહય પરિક્ષક પણ અત્રે નવસારી ખાતે હાજર હોય તો વિધાર્થીના પ્રિલિમ વાઈવા/થીસીસ વાઈવા કોવીડ–૧૯ની સંક્રમણ ન થાય તે માટે લેવામાં આવતા પગલા લઈને વિધાર્થીની રૂબરૂ વાઈવા પરીક્ષા ગોઠવી શકાય. પરંતુ જો વિધાર્થી, વિધાર્થીની સમિતિ સભ્યો તેમજ બાહય પરિક્ષક અલગ અલગ જગ્યાએ નવસારી બહાર હોય અને કોવીડ–૧૯ ની પરિસ્થિતિમાં રૂબરૂ બોલાવી શકાય તેમ ન હોય તો તેઓના પ્રિલિમ વાઈવા વીડીયો કોન્ફરન્સીંગથી ઓનલાઈન જે તે કોલેજના ડીન્શ્રી/આચાર્યશ્રીની જાણ હેઠળ ગોઠવવાનો રહે છે. રીપોર્ટમાં સમિતિ સભ્ય તેમજ બાહય પરીક્ષકની સહી મેળવી સંબધિત ફેકલ્ટીના ડીનશ્રી/આચાર્યશ્રીને રજૂ કરવાનું રહેશે.

૨. અનુસ્નાતક કક્ષાએ ઉપર મુજબ જો વિધાર્થી થીસીસ વાઈવા વોઈસ માટે તમામ નકકી કરેલા માપદંડ પરિપૂર્ણ કરતા હોય અને તેઓની થીસીસનો ઈવેલ્યુએશન રીપોર્ટ અત્રે મળી ગયો હોય તો તથા બાહય પરીક્ષક વિધાર્થીની પરીક્ષા લેવા તૈયાર હોય તો વિધાર્થીઓનો થીસીસ વાઈવા ઉપર મુજબ સૂચવ્યા પ્રમાણે વિડિયો કોન્ફોરન્સીંગથી ઓનલાઈન અથવા ઓફ લાઈન લેવી.

૩.અનુસ્નાતક વિધાર્થીઓ તેના કચ્ચા બાઉન્ડ થીસીસ સબમીટ કરતા પહેલા વિધાર્થીએ ઓછામાં ઓછા એક મહિના પહેલા પ્રિલિમ પરીક્ષા(વાઈવા વોઈસ) પરિપૂર્ણ કરેલ હોવી જોઈએ તે નિયમમાં હાલની કોવીડ–૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ ઉકત નિયમ ધ્યાને લેવાનું રહેતું નથી.

પ્રસ્તુત પરિપત્ર નોંધ ફાઈલ પર માનનીય કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/૧૩૩૪-૪૫/૨૦૨૦
તા. ૧૪/૫/ ૨૦૨૦

**નકલ સવિનય રવાના :**

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૩. યુનિવર્સિટીના તમામ ડીન/આચાર્યશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
૪. તમામ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ.
૫. કુલસચિવશ્રી આણંદ/જુનાગઢ/સ.દા.કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓ તરફ.